## વાત-વાતમાં.....

- ગાંધીનગરના જુના સચિવાલય સ્થિત રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગમાં અધિકારીઓ-કર્મચારીઓની હાજરી માટે બાયોમેટ્રીક ફિંગર સ્કેનિંગ મશીન લગાડવામાં આવ્યું છે. વિભાગમાં તાત્કાલિક આ મશીન લગાડવા પાછળ કેટલાક અધિકારીઓની મનસ્વી રીતે વહેલા-મોડા આવવાની આદત જે ઠેકાણે લાવવાના હેતુ હોવાનું કર્મચારીઆલમમાં ચર્ચાઈ રહ્યું છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં શુક્રવારે જીએમઈઆરએસ મેડીકલ કોલેજ હોલ ખાતે મેડીકલ કોલેજનો ત્રીજો પદવીદાન સમારોહ યોજાવાનો હતો. જો કે કોરોના વાઈરસના પગલે ફેલાયેલા ભય અને જોખમના માહોલને અનુલક્ષીને આ કોન્વોકેશન કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે.

# લિમ્બડીયા અનાજ કૌંભાડમાં પાંચ સામે ગુનો નોંધાયો

### સરકારી કેન્દ્રો પર અનાજ પહોંચાડવાનો કોન્ટ્રાકટ ધરાવતા ત્રણ ઈસમોની મિલીભગત : એલસીબી પોલીસે અનાજ સહિત ૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકાના લિમ્બડીયા ગામની સીમમાં સ્થિત ગોડાઉનમાંથી સરકારી અનાજનો મોટો જથ્થો ગાંધીનગર એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યો હતો. આ અનાજ કૌંભાડમાં સરકારી ગોડાઉનમાંથી કેન્દ્રો પર અનાજ પહોંચાડવાનો કોન્ટ્રાકટ ધરાવતા ત્રણ ઈસમોની મિલીભગત સામે આવી છે. પોલીસે ગોડાઉન પર દરોડો પાડીને ૧૦ લાખના અનાજ સાથે અન્ય ચીજવસ્તુ સહિત ૧૪ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો, ત્યારે આ કેસમાં પોલીસે પાંચ વ્યકિતઓ સામે ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નાયબ મામલતદાર (પુરવઠા) તરીકે ફરજ બજાવતા કૌશિકભાઈ શિકારીએ ફરીયાદ નોંધાવી છે. એલસીબી-૨ એ લિમ્બડીયા ગામની સીમમાં ગોડાઉન પર દરોડો પાડીને ઘઉંના-૮૯૯ કટ્ટા, ચોખાના ૧૫૫ કટ્ટા, ચણાની દાળના ૨૩ કટ્ટા, ખાંડના ૫ કટ્ટા, પકડી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી ગોડાઉન ભાડે રાખનાર રાજેશ મનુભાઈ ટાંક (રહે.ભગવતી નગર નોબલનગર) તેમજ પીકઅપ ડાલાનો ડ્રાઈવર રાજેન્દ્ર રામજીભાઈ પરમાર (રહે.પથરામીલ ચાલી અસારવા)ને પકડી પાડ્યા હતા.બંન્ને શખ્સોની પુછતાછમાં અમદાવાદના ત્રણ ઈસમો રાજુ માંગીલાલ તૈલી (મેઘાણીનગર) અને માંગીલાલ પ્રેમાજી તૈલી (કૃષ્ણનગર),માંગીલાલ ભેરાજી તૈલી (કલાપીનગર) ના નામ બહાર આવ્યા છે.ત્રણેય ઈસમો સરકારી અનાજના વિતરણ માટે વર્ષ ૨૦૧૯-૨૦ માં અમદાવાદ શહેરમાં ડોર ટુ સ્ટેપ ડિલિવરી પરિવહનની કામગીરીનો ઈજારો ધરાવે છે. તેમનુ કામ ગોડાઉનમાંથી સરકારી અનાજ લઈ સસ્તા અનાજના કેન્દ્રો પર પહોંચાડવાનું છે. જો કે તે સરકારી અનાજની કટકી કરીને બારોબાર લિમ્બડીયા ખાતે ગોડાઉનમાં ભેગુ કરતા હતા. જેથી પોલીસે ત્રણેય કોન્ટ્રાકટર સહિત પાંચેય શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગુરુવારે મોડી સાંજે આઈઆઈટી, પાલજ ખાતે જર્મનથી આવેલ તજજ્ઞને સિવિલ હોસ્પિટલ ખાતે સ્ક્રીનિંગ માટે લવાતા એક કલાક આખી હોસ્પિટલમાં દોડધામ મચી હતી અને કોરોનાની અફવા ફેલાઈ હતી. જોકે, કોરોના વાઈરસની કોઈ અસર જણાઈ નહોતી.
- શનિવારના રોજ મહુડી ખાતે આયુર્વેદ શાખા દ્વારા મેગા આયુર્વેદ ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.
- જિલ્લા વિકાસ અધિકારીએ આજે દહેગામ તાલુકાની મુલાકાત લીધી હતી. તા.પં. કચેરી કામગીરીની સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને ડાયરેકટર બેનીફીટ ટ્રાન્સફર અંગે બેઠક મળી હતી.
- જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. લેવલે પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત કામગીરી સઘન થાય તે માટે જિલ્લા પંચાયત ખાતે ખાસ બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં શાળા શરૂ થતાં અને છુટતી વેળાએ ખાસ સરકયુલર રૂટ્સ શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત સીટીબસ સંચાલકો દ્વારા કરવામાં આવી છે.

# છાવણી ખાતે એલઆરડી યુવાનો ધરણા કરે તે પહેલા અટકાયત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે બે માસથી વધુ સમય ચાલેલા એલઆરડી આંદોલનને પગલે સરકાર પણ હલબલી ગઈ હતી. અનામત-બિન અનામત વર્ગની બહેનોએ શહેરમાં અડીંગો જમાવ્યો હતો. એલઆરડી ભરતી આંદોલનને સરકાર દ્વારા વાતચીત કરીને શાંત પાડી દેવાયું હતું. ત્યારે હવે યુવાનોનું એલઆરડી આંદોલન વેગવંતુ બન્યું છે. એક તરફ વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે,તેવા સમયે સત્યાગ્રહ છાવણી ખાતે અંદાજીત ૫૦૦ એલઆરડી યુવાનો ન્યાય માટે ધરણા યોજી ને બેસે તે પહેલા જ પોલીસે ૨૦૦ થી વધુની અટકાયત કરી દીધી હતી.

મળતી માહિતી મુજબ સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય માટે આવેલા યુવાનોની માંગણી હતી કેવર્ષ ૨૦૧૮માં એલઆરડી માં ૯૭૧૩ ભરતીની જાહેરાત કરાઈ હતી. જેમાં અનામત કેટેગરીની ૩૩ ટકા મહિલા અનામત અને ૬૭ ટકા યુવાનો માટે જગ્યા હતી. જો કે મહિલા ઉમેદવારોના આંદોલનનો પગલે સરકારે મહિલાઓ માટે ૨૪૯૭ બેઠક વધારી દીધી હતી. ત્યારે હવે યુવાનો પણ બેઠકો વધારવાની માંગ સાથે છેલ્લા કેટલાક સમયથી આંદોલન ચલાવી રહ્યા છે. ઉમેદવારોનું કહેવુ છે કે મહિલાઓની બેઠકો વધતા સમગ્ર ભરતીમાં પુરુષોની ટકાવારી ૫૪ ટકા આવીને ઉભી રહે છે. જે બંધારણીય જોગવાઈ પ્રમાણે ખોટુ છે. મહિલાઓની બેઠકમાં થયેલા વધારા સામે અમને કોઈ વિરોધ કે વાંધો નથી પરંતુ જોગવાઈ પ્રમાણે યુવાનોની બેઠકમાં પણ વધારો થાય તેવી અમારી લાગણી અને માંગણી છે.





# ધોળાકુવાના યુવાનની રીક્ષા વૈષ્ણોદેવી સર્કલ પાસેથી ચોરાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા ધોળાકુવા ખાતે રહેતા મંગળભાઈ જેપાજી મેઘવાલ (ઉં.વ.૩૬) ૧૦ માર્ચના રોજ પત્ની અને બાળકો સાથે વૈષ્ણોદેવી મંદિર ખાતે દર્શન કરવા માટે ગયા હતા. મંદિર નજીક સાડાચાર વાગે રીક્ષા પાર્ક કરીને તેઓ દર્શન કરવા માટે ગયા હતા અને સાંજના સાત વાગે પરત ફર્યા હતા. ત્યારે પોતાની રીક્ષા ગાયબ હતી.

ટોંઈગનો સ્ટાફ રીક્ષા લઈને ગયો હોવાનુ માની ને તેમણે ત્યા તપાસ કરી હતી. પરંતુ રીક્ષાનો પત્તો લાગ્યો ન હતો. આખરે તેમણે પોતાની જી.જે.૧૮.એ.યુ.-૦૩૨૭ નંબરની રીક્ષાની ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ૫૦ હજારની રીક્ષા ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દિલ્હીમાં યોજાનાર ''લીડરશીપ ફોર એકેડેમિક પ્રોગ્રામ'' માટે ડૉ. જગદીશ જોશીની પસંદગી

### ગાંધીનગરમાં રહી ચુકેલા ડો. જોશીની પસંદગીથી ગુજરાત યુનિવર્સિટી સહિત શહેરના શિક્ષણ જગતમાં આનંદની લહેર

ગાંધીનગર, તા. ૧૩

અગાઉ ગાંધીનગરના સેક્ટર-૨૩માં રહેતા અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં વિવિધ વિભાગમાં વિઝીટીંગ ફેકલ્ટી તરીકે સેવા આપી ચુકેલા ડૉ. જગદીશ એસ. જોશીની દેશના પાટનગર દિલ્હી ખાતે શિક્ષકો માટે યોજાનાર ''લીડરશીપ ફોર એકેડેમિક પ્રોગ્રામ-લીપ'' માટે પસંદગી પામ્યાં છે. તેઓની પસંદગી યુએસએની હાવર્ડ યુનિવર્સિટીના એમએચઆરડી તેમજ નીઈપા માટેના પ્રોગ્રામ માટે કરવામાં આવી છે જે અંતર્ગત તેઓ દિલ્હીના હાવર્ડ ગેજ્યુએશન સ્કૂલમાં તેમના વકતવ્યો આપશે. તેમની પસંદગીથી ગાંધીનગર-અમદાવાદના શિક્ષણ જગતમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

ગુજરાત યુનિવર્સિટીના યુજીસી અને હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ સેન્ટર તેમજ જેમ્સ રેની કેનેડિયન સેન્ટરના પ્રોફેસર અને ડાયરેકટર એવા ડૉ. જગદીશ જોશીની દિલ્હી ખાતે શિક્ષકો માટે યોજાનાર લીપ પ્રોગ્રામમાં પસંદગી કરવામાં આવી છે. ''લીડરશીપ ફોર એકેડેમિક પ્રોગ્રામ'માં પસંદગી પામેલા ડૉ. જોશી ઈન્ડિયન એસોસિએશન ફોર કેનેડિયન સ્ટડીઝના પ્રમુખ પણ છે તે સાથે તેઓ એઆરપીઆઈટીના વાર્ષિક રિફ્રેશર પ્રોગ્રામના રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સીના એમએચઆરડી વિભાગના સંયોજક પણ છે. તેઓ ૮ થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યવસાયિક સંસ્થાઓ સાથે નજીકથી સંકળાયેલા છે તેમજ શિક્ષણ, તાલીમ સંશોધન, અનુવાદ સંપાદન, સંકલન સલાહકાર અને વિવિધ સામાજીક પ્રવૃતિમાં પણ સક્રીય રીતે જોડાયેલા છે. તેઓ વર્ષ ૨૦૦૫થી વિવિધ અધિકારીઓ અને વ્યવસાયિકોને તાલીમ આપી રહ્યાં છે. તેમને શિક્ષણ માટેના રાષ્ટ્રીય પારિતોષિક ''નેશનલ એવોર્ડ ફોર એજ્યુકેશન'થી સન્માનિત કરાયા છે અને તેમણે અત્યાર સુધીમાં ૧૯ દેશોની મુલાકાતો લીધેલી છે. તેઓ પંડિત મદન મોહન માલવિય રાષ્ટ્રીય મિશન અને ટીચર્સ ટીચીંગમાં પણ ભાગ લેશે.



# ગુજરાત મેરીટાઈમ બોર્ડની વહીવટી વિલંબની ઓળખ ક્યારે દૂર થશે ?

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ખાતેના ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળના પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી દ્વારા ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં વહીવટી વિલંબની ઓળખ દૂર કરવા બાબતે રોષ ઠાલવ્યો છે. તેમણે એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં એક તરફ સરકાર રોજગાર વધારવા ભરતીની પ્રક્રિયા સતત ચાલુ રાખવા પ્રયત્નશીલ છે ત્યારે ત્રણ વર્ષથી વર્ગ-૩ના સંવર્ગની ૯૦ જગ્યાની ભરતી મંજુરી મળ્યા છતાં ગુજરાત મેરીટાઈમ બોર્ડની વડી કચેરીના વહીવટના તમામ વડા અધિકારીઓની બેકાળજી અને વિલંબિત વહીવટને પરિણામે આ સંદર્ભે બોર્ડ તરફથી ભરતી સબબ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ સાથે વર્ષોવર્ષ અનેક કર્મયોગીઓ નિવૃત થઈ રહ્યાં છે તેવા સંજોગોમાં એક તરફ બોર્ડના દરેક બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા મંજુરી મળ્યાને ઘણો લાંબો સમય વ્યતિત થવા છતાં તેમજ મોટાભાગના કર્મયોગીઓની નિવૃત્તિની વચ્ચે પહોંચેલ હોવા છતાં બઢતીની પ્રક્રિયા માટેની ફાઈલો ઉપર આવશ્યકતાના સંદર્ભે કોઈ પણ પ્રકારની કાર્યવાહી ન કરવી તેવી વિલંબિત પ્રથા અપનાવી રાખવી તે આ બોર્ડની ઓળખ બની રહેલ છે. આવી વિલંબિત મહેકમની કામગીરી આ બોર્ડમાંથી ક્યારે સુધરશે તેની કર્મયોગીઓ અને બઢતી માટે આશાવંત અધિકારીઓ કાગડોળે રાહ જોઈ રહ્યાં છે તેવું લાલજીભાઈએ જણાવ્યું છે.



## ચિલોડામાં હોલિકાદહન અને ધૂળેટી પર્વની ધામધૂમ ઉજવણી

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્યચોક મહાકાલી મંદિર દર વર્ષની જેમ પરંપરાગત રીતે ઉજવાતો હોલિકાદહન અને ધૂળેટી પર્વની અનોખી રીતે ઉજવણી ગામના ઠાકોર સમાજના યુવાનો દ્વારા શ્રદ્ધાપૂર્વક રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમાં ઠાકોર સમાજના ભુલકાઓ અને યુવાનોએ રામાયણ-મહાભારતના પાત્રો સાથે વિવિધ રંગબેરંગી વેસભૂષા ધારણ કરી ખેલરૂપે ઉજવણી કરવામાં આવી હતી. આ ધૂળેટી ખેલ નિહાળવા ગામના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

# નરહરિ અમીન જીતુભાઈના પગમાં ઝૂકતાં રાજકીય ચર્ચા

### નરહરિ અમીન ઉંમરમાં જીતુભાઈ કરતાં પણ ઘણા મોટા છે : ટિકિટ ફાળવાતાં પગે પડી આભાર માનવાનો પ્રયાસ

ગાંધીનગર, તા.૧૩

નરહરિ અમીન ગુજરાતના રાજકારણમાં બહુ મોટુ અને મહત્વનું માથુ ગણાય છે. હાલમાં પણ એ ભાજપના કદાવર નેતા ગણાય છે. તેઓ કોંગ્રેસમાં હતા ત્યારે પણ મધ્ય ગુજરાતમાં તેમનો ભારે દબદબો હતો. શાહ અને મોદી સાથે સીધો સંબંધ ધરાવતા નરહરિ અમીનને ભાજપે આયોજન પંચના ઉપાધ્યક્ષનું પદ આપી માન-સન્માન આપ્યું હતુ પણ રાજયસભાની ચાર બેઠકોની ચૂંટણીમાં ત્રીજા ઉમેદવાર તરીકે નરહરિભાઈને ઉતારી ભાજપે તેની વધુ એક કૂટનીતિ અને રાજકીય દાવપેચનો પરિચય કરાવ્યો છે ત્યારે ઉમેદવારી ફોર્મ ભરવા જતા પહેલાં નરહરિ અમીન ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીને ઝુકીને પગે પડવાનો પ્રયાસ કરતાં કેમેરામાં કેદ થઇ ગયા હતા અને આ અંગેનો વીડિયો વાયરલ થતાં ગુજરાતના રાજકારણમાં તેને લઈ જોરદાર ચર્ચા ચાલી છે. સાથે સાથે વાયરલ થઈ રહેલી તસવીર અને વીડિયોએ એ ભાજપની માનસિકતાને નરહરિ અમીનના વ્યકિતત્વ સામે પણ સવાલો ઉઠાવ્યા છે. વાયરલ વીડિયો અને તસવીરમાં નરહરિભાઈ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાધાણીને નમન કરતા નજરે પડી રહ્યાં છે. નરહરીભાઈ ઉંમરમાં જીતુભાઈ કરતાં ઘણા મોટા છે. પરંતુ રાજયસભાની ટિકિટ ફાળવણી કરવા બદલ તેમનો આભાર માનવા માટે પગે લાગવાનો આ પ્રયાસ હોવાની ચર્ચાએ પણ રાજકીય ગલિયારામાં ભારે જોર પકડયુ છે. રાજકીય નેતાઓમાં પગમાં ઝૂકવું એ શિષ્ટાચાર ગણાય છે. ભલે એ વ્યકિત ગમે તે ઉંમરનો હોય. આ વાયરલ થયેલી તસવીર બાદ લોકો જીતુભાઈને પણ આ શોખ હોવાની ચર્ચા કરી રહ્યાં છે. આ ભાજપ હોય કે કોંગ્રેસ તમામ નેતાઓને લાગુ પડે છે પણ આ તસવીરે ગુજરાતના રાજકારણમાં આજે ભારે ચર્ચા જગાવી છે. ભાજપ કાર્યાલય પહોંચેલા નરહરિ અમીને જીતુ વાઘાણી ભેટ્યા ત્યારે નરહરિ અમીને પ્રદેશ પ્રમુખ વાઘાણીને ઝુકીને પગે લાગવાનો રીતસરનો પ્રયાસ કર્યો હતો અને વાઘાણીએ પણ આ અભિવાદન સ્વીકાર્યુ હતુ. રાજ્યસભાની એક બેઠક માટે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વિવાદ વકર્યો છે. દર ચૂંટણીની જેમ રાજ્યસભાની આ ચૂંટણી પણ રસાકસીભરી બની ગઈ છે. અભય ભારદ્વાજ અને રમીલાબેન બારા અને શક્તિસિંહ ગોહિલનું રાજ્યસભાના સાંસદ બનવું ફાઇનલ છે પણ ભરતસિંહ સોલંકી અને નરહરિ અમીન વચ્ચે ભારે ખેંચતાણ થાય તેવી પૂરી સંભાવના છે. નરહરિ અમીન પણ કોંગ્રેસનું ગોત્ર ધરાવે છે અને પાટીદાર નેતા છે. તો કોંગ્રેસના જ પ્રતાપભાઈ દૂધાત પણ પાટીદાર નેતા હોઈ તેમના આ પાટીદાર નેતાને રાજ્યસભાની ટીકિટ અપાવવા માટે ૧૪ ધારાસભ્યોએ પક્ષ પર દબાણ કર્યું હતું. જો કે, એક પણ પાટીદાર આગેવાનને કોંગ્રેસે રાજ્યસભાની ટિકિટ આપી નથી. જેને પગલે પાટીદાર ધારાસભ્યોમાં નારાજગી વ્યાપી ગઇ છે. પ્રતાપભાઈ દૂધાત આજે ગેરહાજર રહેતાં અનેક તર્કવિતર્કો થઈ રહ્યાં છે. ભાજપે માસ્ટર સ્ટ્રોક મારીને કોંગ્રેસી અને પાટીદાર એમ બંને પાસાઓ ધ્યાને રાખીને નરહરિ અમીનને ટીકિટ આપી છે. ભરતસિંહ માટે પણ આ ચૂંટણી આકરી પરીક્ષા સાબિત થશે. ભરતસિંહે હાઈકમાન્ડ પર દબાણ કરીને આ સાંસદની સીટ મેળવી છે. જો તેઓ વિજેતા ન થયા તો તેમની કારકીર્દીને ગ્રહણ લાગી જશે. તો, નરહરિ અમીન માટે પણ આ ચૂંટણી એ કરો યા મરો જેવી છે. જેઓ હાલમાં આયોજન પંચના ઉપાધ્યક્ષ હતા. જેઓએ આ પદ પરથી રાજીનામું આપીને ચૂંટણી માટે ફોર્મ ભર્યું છે. આમ જીત પહેલાં એક મહત્વનો હોદ્દાનો તો તેઓએ ત્યાગ કરવો પડ્યો છે. જેઓ આ ચૂંટણી હાર્યા તો ન ઘરના કે ના ઘાટના જેવા થઈ જશે. આમ, રાજયસભાની ચૂંટણીમાં જબરદસ્ત કશ્મકશ જોવા મળશે તે નક્કી છે.



# ભાજપે અમીનને મેદાનમાં ઉતારતાં રાજનીતિ ગરમાઈ

### રાજયસભાની ત્રણ બેઠકો કબજે કરવાના પેંતરા : કોંગ્રેસ અને ભાજપના એકબીજા પર રાજ્યસભાની ચૂંટણી પૂર્વે આક્ષેપોનો દોર : ભાજપની મેલી મુરાદ રહી : કોંગ્રેસ

ગાંધીનગર,તા.૧૩

રાજયસભાની ચૂંટણી અંતર્ગત ચાલતી રાજકીય ગતિવિધિઓ સાથે રાજકીય ટીકા ટિપ્પણીઓને લઈને પણ ગુજરાતના રાજકારણમાં ભારે ચર્ચા ચાલી રહી છે. ખાસ કરીને રાજયસભાની ચૂંટણી માટે ભાજપે તેના બે ઉમેદવારો જાહેર કર્યા બાદ છેલ્લી ઘડીએ પાટીદાર નેતા નરહરિ અમીનને પોતાના ત્રીજા ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવતા રાજકારણ ગરમાયું છે. વિધાનસભામાં ધારાસભ્યોનું હાલનું સંખ્યાબળ ધ્યાને લેતાં ભાજપ અને કોંગ્રેસને રાજયસભાની કુલ ચાર બેઠકોની ચૂંટણીમાં બબ્બે બેઠકો મળી શકે એમ છે પરંતુ ભાજપે વધુ એક બેઠક એટલે કે, કુલ ત્રણ બેઠક કબ્જે કરવાની વ્યૂહરચના સાથે છેલ્લી ઘડીયે નવો પેંતરો ચાલી નરહરિ અમીનને તેના ત્રીજા ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. જો કે, ભાજપના આ બદઈરાદાપૂર્વકના રાજકીય દાવપેચેને કોંગ્રેસના જ ઉમેદવાર શકિતસિંહ ગોહિલ, ભરતસિંહ સોલંકી, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના નેતાઓ અને ધારાસભ્યોએ વખોડી કાઢી જણાવ્યું હતુ કે, ભાજપ ગમે તેટલા પ્રયાસો કરે પરંતુ તેની મેલી મુરાદ બર આવશે નહી એટલે કે, પૂરી થશે નહી. આકરી પ્રતિક્રિયા આપી હતી.

બીજીબાજુ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ દાવા સાથે જણાવ્યું હતું કે, તમે જોતા રહો, બધું ગોઠવાઈ જશે. ત્રણેય ઉમેદવારોની જીત નિશ્ચિત છે. અમને જ નહીં કોંગ્રેસમાં શું ચાલે છે તે વાતની જાણ સૌને ખબર જ છે. ત્રણેય ઉમેદવારોને જીતુ વાઘાણીએ શુભકામના પાઠવી હતી અને ત્રણેય ઉમેદવારોને જીતાડીને રાજયસભામાં મોકલવાની વાત કરી હતી. ભાજપના ત્રીજા ઉમેદવાર તરીકે નરહરિ અમીનને ઉતારવા મુદ્દે કોંગ્રેસના ધારાસભ્ય પુંજાભાઈ વંશે જણાવ્યું હતુ કે, ભાજપે છેલ્લી ઘડીએ પાટીદાર નેતાનો ઉપયોગ કર્યો છે ત્યારે તેની આ મેલી મુરાદ પૂરી થશે નહીં.

તો, કોંગ્રેસના ધારાસભ્ય વીરજી ઠુમ્મરે ભાજપ પર આક્ષેપ કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટી તોડજોડ કરવા પ્રયત્ન કરી રહી છે. જો કે પાર્ટીએ પાટીદાર ચહેરાને તક આપી હોત તો સારૂ હતું. આવનાર ૨૦૨૨ ની ચૂંટણીઓ,તેમજ તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં પાટીદારને તક આપશે તેવો વિશ્વાસ છે.

અલબત્ત, તેમણે હાલના જે ઉમેદવારો ઉતાર્યા છે તેને લઈને પાર્ટીનો નિર્ણય યોગ્ય હોવાનો સ્વીકાર કર્યો હતો. દરમ્યાન કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કયા ઉમેદવાર નક્કી કરવા તે પાર્ટીની આંતરિક બાબત છે. જો કે, ભાજપે અગાઉ બળવંતસિંહનો ઉપયોગ કર્યો હતો. પરંતુ આજે નરહરિ અમીનને ભાજપે હારની સીટ ઉપર લાવવા પ્રયત્ન કર્યો છે, પ્રથમ જાહેરાતમાં નરહરિભાઈનો કોઈ સમાવેશ કર્યો નથી. એટલું જ નહીં ભાજપમાં જોડાયા બાદ તેમને કોઈ તક આપવામાં આવી નથી. પરિણામે આજે તેમને રાજ્યસભામાં ઉભા રાખવામાં આવ્યા છે, જે ભાજપની માનસિકતા સ્પષ્ટ કરે છે.

### ભાજપા ક્રોસ વોટીંગ કરાવી શકે તેવો ભય

વિધાનસભાના હાલના સંખ્યાબળને જોતા આ ચૂંટણીમાં ભાજપ એક વધારાની બેઠક ગુમાવી શકે છે, જેથી આ બેઠક જાળવી રાખવા ભાજપ સતત વ્યૂહરચના બદલી રહ્યુ છે. ૨૦૧૭ની રાજયસભા ચૂંટણી બાદ આ ચૂંટણીમાં પણ રસાકસી થવાની સાથે ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલ થાય તેવી શક્યતા છે, કેમ કે ભાજપ પોતાની એક બેઠક બચાવવા કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા અથવા તો ક્રોસ વોટિંગ કરાવવની કૂટનીતિ ખેલી શકે છે, જ્યારે કોંગ્રેસ પોતાનાં ધારાસભ્યોને બચાવવા માટેના પ્રયાસોમાં જોતરાઇ છે અને સબ સલામત હોવાના દાવા કરી રહ્યું છે પરંતુ ક્રોસ વોટીંગની દહેશતને લઇ કોંગ્રેસમાં પણ કયાંક ને કયાંક ચિંતાની લાગણી તો જોવા મળી જ રહી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧